## સલામ ગાંધીનગર

# પ્રજાસત્તાક દિને ગાંધીનગરના યુવાનોએ માનવતા મહેકાવી

**રીક્ષાચાલકના દસ વર્ષીય દિકરાના ઓપરેશન માટે એક સાથે ૩૩ યુવાનો રક્તદાન કરવા પહોંચ્યા : ગાંધીનગરના ૨૦ જેટલા યુવાનો જોડાયા : જુસિકાએ વાહનસેવા પુરી પાડી**

ગાંધીનગર,તા. ૨૭

ગુજરાતની રાજકીય રાજધાની ઉપરાંત એક સંવેદનશીલ શહેર ગણાતા ગાંધીનગરના યુવાનોએ ફરી એકવાર દાખવેલી ગજબની માનવતાના કારણે એક રીક્ષાચાલકના દિકરાની જીંદગી ડૂબતી બચવા માટે આશાનું કિરણ પ્રગટ્યુ છે. અમદાવાદની કિડની હોસ્પિટલ ખાતે દાખલ કરાયેલ વડોદરાના રીક્ષાચાલક યાકુબ મુલતાનીના ૧૦ વર્ષીય દિકરા ફરદીનના ઓપરેશન માટે ગાંધીનગરના યુવાનોએ પ્રજાસત્તાક દિને ૩૩ યુનિટ રક્ત પહોંચાડ્યુ હતુ. આ સદ્કાર્ય માટે શહેરની



માટે તેના શરીરનું સમગ્ર રક્ત બદલવુ પડે તેમ છે. ફરદીનને શાળાએ લેવા મુકવા જતી વડોદરાના અંકિત પ્રજાપતિની દિકરીએ આ અંગે ફેસબુક અને વ્હોટ્સએપ પર પોસ્ટ મુકી હતી. જેના પગલે ગાંધીનગરના યુવાનોના હ્રદય સુધી આ વાત પહોંચી હતી. અંકિત પ્રજાપતિના ગાંધીનગરના મિત્રો પૃથક ઠક્કર, હિમાંશુ સોલંકી, દર્શન પટેલ, વ્યોમ અમીન, મેહુલ ભોજક, જય રાવલ, ચેતન કાવર્સ, આઝાન ખાન વગેરે આ કાર્યને પાર પાડવા જોડાયા હતા. સમગ્ર કાર્યને આ યુવાનોએ તા. ૨૪મી જાન્યુઆરીથી હાથમાં લીધુ અને તા. ૨૫મી જાન્યુઆરીએ



સેવાભાવી સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વાહનની સેવા વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી. શહેરના યુવાનોના પ્રયાસને કારણે ફરદીન માટે બે દિવસમાં ૬૩ યુનિટ રક્ત એકત્રિત થઈ ચુક્યુ છે પરંતુ હજુ ૪૦ યુનિટ જેટલા રક્તાની જરૂરિયાત છે.

વડોદરાના રીક્ષાચાલક યાકુબા મુલતાનીના દિકરા ફરદીનને લોહી અને પ્લાઝમામાં લાગેલી ગંભીર બિમારીને પગલે સઘન સારવાર માટે અમદાવાદની કિડની હોસ્પિટલ ખાતે દાખલ કરાયો છે. આ બિમારીની સારવાર

ગાંધીનગરથી ૪ અને અમદાવાદથી ૪ એમ કુલ ૮ યુનિટ રક્ત પહોંચાડ્યુ હતુ. બીજા દિવસે એટલે કે તા. ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિને ગાંધીનગરના ૨૦ જેટલા અને અમદાવાદના ૧૩ જેટલા યુવાનો મળીને કુલ ૩૩ રક્તદાતાઓ સાગામટે રક્તદાન કરવા પહોંચી ગયા હતા. આ કાર્ય માટે ગાંધીનગરની જુનિયર સિટીઝન કાઉન્સિલે વાહનની સેવા પુરી પાડતા આ યુવાનોએ પ્રજાસત્તાક દિનની સાચી

### હજુ ૪૦ યુનિટ રક્તની જરૂર

હજુ ગાંધીનગરના આ સેવાભાવી યુવાનો દ્વારા વધુ ૩૦ જેટલા રક્તદાતાઓને રવિવારે રક્ત આપવા લઈ જવામાં આવી રહ્યાં છે. જેમાં અમદાવાદના ૨૫ અને ગાંધીનગરના ૫ રક્તદાતાઓ સામેલ છે. બાકીના ૪૦ જેટલા રક્ત યુનિટની જરૂરિયાત માટે સેવાભાવી રક્તદાતાઓને વ્યોમ અમીનનો મોબાઈલ નં. ૭૬૦૦૬૭૭૭૦૦ પર સંપર્ક સાધવો.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં હાડ થીજવતી ઠંડી

ગાંધીનગર, તા. ૨૭

અંતિમ તબક્કામાં ગાંધીનગરમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. લઘુત્તમ તાપમાન ૭.૫ ડિ.સે. સુધી ગગડતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. ગુરૂવારની રાત શહેરીજનોને ધ્રુજાવી ગઈ.

તીવ્ર મોજુ ફરી વળ્યુ છે. ઉત્તરાયણની આસપાસ ઠંડી ખુબ જ ઓછી થઈ ગઈ હતી અને જાણે ઉનાળો બેસી ગયો હોય તેવો માહોલ છવાયો હતો. પરંતુ છેલ્લા એક અઠવાડિયાથી ઠંડીએ જાણે પલટવાર કર્યો હોય તેમ તીવ્ર ઠંડી

**સતત બે દિવસથી રાજ્યનું સૌથી ઠંડુ શહેર ગુરૂવારની રાત ગાંધીનગરને ધ્રુજાવી ગઈ લઘુત્તમ તાપમાન ૭.૫ ડિ.સે. સુધી ગગડ્યો મોસમની સૌથી વધુ ઠંડી નોંધાઈ**

જાન્યુઆરી માસના અંતિમ દિવસોમાં આકરી ઠંડી પડી રહી છે. ઉત્તર ભારતમાં કેટલાક સ્થળોએ થયેલી બરફવર્ષાના પરિણામે ગુજરાતમાં ખુબ જ ઠંડી પડી રહી છે. ખાસ કરીને વૃક્ષોથી આચ્છાદિત ગાંધીનગરમાં ઠંડીનું પડી રહી છે. ૨૬મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ એટલે કે ગુરૂવારની રાત્રે લઘુત્તમ તાપમાન ૭.૫ ડિ.સે. પહોંચી ગયુ હતુ. જે મોસમનુ સૌથી ઓછુ તાપમાન છે. રાજ્યમાં પણ સૌથી ઠંડુ શહેર ગાંધીનગર બન્યુ

● અનુસંધાન પાન-૭ પર



# જિલ્લામાં આજથી ત્રિદિવસીય પલ્સ પોલિયો અભિયાનો આરંભ

**બે લાખ બાળકોને રક્ષિત કરવામાં આવશે : નવસો વીસથી વધુ બુથ ઉભા કરાશે : વિશ્વ આરોગ્ય સંસ્થાની ટીમ મોનીટરીંગ માટે આવશે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આજથી ત્રિદિવસીય પલ્સ પોલિયો અભિયાન દ્વારા બે લાખ બાળકોને પોલિયોથી રક્ષિત કરવામાં આવશે. આ માટે આજે અભિયાનના પ્રથમ દિવસે જિલ્લાભરમાં ૯૩૦ જેટલા બુથ ઉભા કરવામાં આવશે.

વિશ્વ આરોગ્ય સંસ્થા તેમજ ગાંધીનગર મેડીકલ કોલેજની મોનીટરીંગ ટીમો દ્વારા પણ તેની ચકાસણી કરવામાં આવનાર છે. આ ટીમો ત્રણેય દિવસ જિલ્લાનો પ્રવાસ ખેડશે.

જિલ્લાતંત્રના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૮૨૨ બુથ તો શહેરી વિસ્તારમાં ૧૦૫ બુથો ઉભા કરવામાં આવશે. પ્રથમ દિવસે જ ૯૦ ટકાથી વધુ કવરેજ મળે તે માટે સ્વૈચ્છીક સંસ્થાઓનો પણ સહયોગ મેળવવામાં આવ્યો છે. પાંચ હજાર જેટલા કર્મચારીઓ જિલ્લામાં આજે આ અભિયાનમાં જોડાશે.

પ્રથમ દિવસે બુથ પર કવરેજ બાદ છુટી ગયેલા બાળકોને ઘરે ઘરે ફરી ૧૮૦૦ ટીમો દ્વારા આવરી લેવામાં આવનાર છે. આ ટીમો બે દિવસ દરમ્યાન ઘરે ઘરે ફરશે.

જિલ્લામાં ૨૮૦થી વધુ હાઈરિસ્ક વિસ્તારો આવેલા છે તે માટે મોબાઈલ ટીમો પણ ૧૨૦થી વધુ બનાવવામાં આવી છે. આ ઉપરાંત ૧૫ જેટલી ટ્રાન્ઝીટ ટીમો બનાવવામાં આવી છે જે નિયત કરાયેલા ટ્રાન્ઝીટ પોઈંટ પર બાળકોને આ રસીના બે ટીપાં પીવડાવશે.

જિલ્લામાં આ માટે ખાસ લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી કરવામાં આવી છે. જિલ્લામાં ઔદ્યોગિક વિસ્તાર વિકસ્યો છે તેવા કલોલ તાલુકામાં પાંચ લાયઝન અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે.

જિલ્લામાં આ અભિયાનમાં જિલ્લાકાના અધિકારીઓ પણ ખાસ જોડાવાના હોવાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ ત્રિદિવસીય અભિયાન અંગે તંત્રએ પૂરતી તૈયારીઓ સંપન્ન કરી લીધી છે.

## આજે મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત સઘન અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંપન્ન થયા બાદ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત આજે ખાસ સઘન અભિયાન જિલ્લાના ૧૩૪૨ મતદાન મથકો પર બી.એલ.ઓ. દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી તુરત જ આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં બુથ લેવલ ઓફિસર ઘરે ઘરે તો જશે પણ આજે સઘન ઝુંબેશ અભિયાન અંતર્ગત જિલ્લામાં આવેલ ૧૩૪૨ મતદાર મથકો પર મતદારયાદી સુધારણા અંગેના સઘળા ફોર્મ/અરજીઓ સ્વીકારવામાં આવશે.

જિલ્લામાં ૧૧ લાખથી વધુ મતદારો નોંધાયેલા છે. આજના આ અભિયાન માટે તંત્રએ ખાસ તૈયારીઓ પણ કરી છે. જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓ મતદાન મથકો પર જશે અને કામગીરીનું સીધુ મોનીટરીંગ કરશે.

દર વર્ષે ચૂંટણી પંચ દ્વારા ત્રણ તબક્કામાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. લોકસભાની આવી રહેલી ચૂંટણીઓ પૂર્વેની આ ઝુંબેશનું મહત્વ પણ વધુ છે. પંચે આ વખતે પણ યુવા મતદારોની નોંધણીની સાથે સાથે મહિલા મતદારોની નોંધણી પર વિશેષ ભાર મુક્યો છે.

સ્થળાંતરિત કરી ગયેલા મતદારો પણ આ ઝુંબેશ દરમ્યાન તેમની અરજીઓ રજુ કરી શકશે. નામ કમી કરવા માટે પણ જરૂરી પુરાવા સાથે અરજી આપી શકાશે.

ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોવાથી મતદાર યાદીમાંથી નામ કમી કરવાની વાત પર પંચે મનાઈ ફરમાવી હતી જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં ૧૩૪૨ બુથલેવલ ઓફિસરો છે.

## નડિયાદમાં કોંગ્રેસ કારોબારીની બેઠક : રણનીતિને લઈ કવાયત

અમદાવાદ,તા. ૨૫

સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીઓને લઈ કોંગ્રેસે તેની રણનીતિ વધુ તેજ અને અસરકારક બનાવી છે. જેના ભાગરૂપે આજરોજ નડિયાદ ખાતે કોંગ્રેસની કારોબારીની બેઠકમાં સ્થાનિક આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરોને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપને પછાડી કોંગ્રેસનો પંજો છવાઈ જાય તે પ્રકારે મહેનત કરવા અને ચૂંટણીમાં કામે લાગી જવા હાકલ કરવામાં આવી હતી. નડિયાદ ખાતે મળેલી કોંગ્રેસની આજની કારોબારીમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિપક્ષના નેતા પરેશ ધાનાણી, પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલ, જગદીશ ઠાકોર સહિતના નેતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં

● અનુસંધાન પાન-૭ પર

## પંચાયતના ૪ અધિકારીઓને શ્રેષ્ઠ કામગીરી માટે સન્માનિત કરાયા



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૪ અધિકારીઓને તેમની શ્રેષ્ઠ કામગીરી માટે વિશેષ અભિનંદન સાથે સેવાઓને બિરદાવતા પ્રમાણપત્રો જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહ દરમ્યાન આપી સન્માનિત કરાયા હતા. જિલ્લા પંચાયતના ૪ અધિકારીઓને એક સાથે આ શ્રેષ્ઠતાના પ્રમાણપત્ર મળતાં પંચાયત કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ ખેતીવાડી અધિકારી મહાવીરસિંહ વાઘેલાને નર્મદા રથયાત્રામાં શ્રેષ્ઠ કોર્ડીનેશન અને આયોજન માટે; સુશ્રી ભાવનાબેન પટેલ જિલ્લા આયુર્વેદ અધિકારીને સ્વાઈનફ્લુ સામે ૧૮ લાખ જેટલા ઉકાળાનું વિતરણ કરવા માટે, જિલ્લામાં મેલેરિયા વાહકજન્ય રોગચાળા અંગે પાંચમુ સંશોધન પેપર જેમનુ પ્રસિદ્ધ થયુ છે તેવા જિલ્લા મેલેરિયા અધિકારી સુશ્રી મમતા દત્તાણી તેમજ તમાકુ નિયંત્રણ ધારાના કડક અમલીકરણ માટે નોડેલ ઓફિસર યોગીતા તુલશ્યામને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ છે. ગાંધીનગર જિલ્લામાં એક સાથે ૪ અધિકારીઓના સન્માનની ઘટના પણ પ્રથમવાર બની છે. કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામેલ છે.

## એકઝીબીશન સેન્ટરની સ્વચ્છતા માટે જુદા જુદા સ્લેબ નક્કી કરી વસુલાત લેવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૧૦૦ નંગ સ્ટીલના કબાટ ખરીદવાનો મહત્વનો નિર્ણય આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો છે.

મનપાની સ્થાયી સમિતિની આજે મનપાના સ્થાયી સમિતિના ખંડમાં મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય પ્રમાણે કબાટ જે લાયબ્રેરી તેમજ ઓફિસના કામમાં ઉપયોગમાં લઈ શકાય તે રીતે ખરીદવામાં આવશે.


આ ઉપરાંત મનપા દ્વારા પ્લાસ્ટીકની ખુરશીઓ ખરીદવાની દરખાસ્તનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.

આજની આ બેઠકમાં સે. ૧૭ ખાતે આવેલ એકઝીબીશન સેન્ટરની સ્વચ્છતા માટે

**મનપાની સ્થાયી સમિતિએ ૧૦૦ નંગ સ્ટીલના કબાટ ખરીદવાને પણ મંજૂરી આપી**

● અનુસંધાન પાન-૭ પર

## આઠમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ ૨૬-૧૧-૧૯૨૮

સ્વર્ગવાસ તારીખ ૨૭-૦૧-૨૦૧૦

**સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ**

બંધ કરી આંખ અને દર્શન કરીએ, ઝુકાવી પાપણ તમને નમન કરીએ, નજર સમક્ષ કાયમ રહ્યા હવે ફક્ત છબી જોવાની રહી, સૌનો છોડ્યો સાથ ઓચિંતા લીધી વિદાય, ક્યાં જઈશું, કોને કહીશું, અમે અંતરની વાત એક પળ પણ ભૂલ્યા નથી આંખોના અશ્રુ વહ્યા કરે છે. અંજલી આપતા શબ્દો ઓગળ્યા કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.
સ્વ. ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ
જયેશ, સંજય, દિલીપ (પુત્રો)
હિના, રશ્મી, ભાવના (પુત્રવધૂઓ)
રોનક, રોહન (પૌત્રો)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રી)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જોઈએ છે
સંસ્થા વિશે માહિતી આપી શકે તેવા
ટેલીકોલર - ૨
રીસેપ્શનીસ્ટ - ૧
સંપર્ક : ૯૪૨૮૮ ૦૭૬૩૧
(સેક્ટર-૭)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

## 'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

**નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :**

| | |
|---|---|
| ડૉ. ચેતના અ. બુચ<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા., સેકટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | શ્રી હરેશ કે. ઠાકર<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ, જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭, ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| મનોજ શુકલ<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | રમેશ પટેલ<br>પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com